દાખલ તારીખ :૧૧/૦૬/૨૦૨૬
રજીસ્ટર તારીખ : ૧૧/૦૬/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

**રાજકોટ જીલ્લાના મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુકામઃ જેતપુર.**

**ફોજ. પર. અરજી નં. ૨૩૮/૨૦૨૬**
**આંકઃ–**

**(૧) ક્રિશ ચંદુભાઈ શીલુ (બ્રાહ્મણ)**
**ઉ.આ.વ. ૨૦, ધંધોઃ મજૂરી,**
**રહે. સેલુકા ગામ, મહાકાળી માતાજીના મંદીર પાસે,**
**તા. જેતપુર, જી. રાજકોટ..................................અરજદાર.**

**વિરૂદ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**
**થૃ એ.પી.પી.શ્રી, જેતપુર.................................સામાવાળા.**

**બાબત :– બી.એન.એસ.એસ. કલમ–૪૯૭ હેઠળ મુદ્દામાલ અરજી.**

**અરજદાર તરફે વિ. વ. શ્રી ડી. એમ. વાઘેલા.**
**સામાવાળા તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા.**

**ઠ રા વ**

**(૧)** આ કામના અરજદારે હાલની અરજી વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૧૭૨/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૭૬, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ)(ડબલ્યુ), ૩(૨)(૫–એ) તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ વિગેરે મુજબના ગુનાનાં કામે કબજે કરવામાં આવેલ અરજદારની માલિકીનો **વીવો વાય–૨૦૦ પજી મોબાઈલ જેના આઈ.એમ.ઈ.આઈ. નં. ૮૬૮૯૫૬૦૬૩૩૮૭૫૩૮** છે તે પોલીસે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ જે હાલનાં અરજદારની માલિકીનો હોઈ અને હાલ પોલીસ સ્ટેશનમાં બિન ઉપયોગી પડેલ હોઈ જેથી મુદ્દામાલ મોબાઈલ કેસ ચાલતા

દરમિયાન વચગાળાની કસ્ટડીમાં પરત મેળવવા હાલની આ અરજી દાખલ કરેલ છે.

**(૨)** આ કામે સદરહુ અરજી રજૂ થતાં વિ. એડી.પી.પી.શ્રી ને નોટીસ કરવામાં આવતાં વિ. એડી. પી. પી. શ્રી હાજર થયેલ છે.

**(૩)** હાલની અરજીના અરજદાર તરફે વિ. વ. શ્રી દ્વારાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ હાલનાં અરજદારની માલિકીનો હોઈ જે આરોપી પાસેથી પોલીસે ખોટી રીતે કબજે લીધેલ છે. મુદામાલ અરજદારની માલિકીનો હોઈ જે તેમના રોજબરોજના ધંધા રોજગાર માટે ઉપયોગી હોય જે હાલ પોલીસ સ્ટેશનમાં બિન ઉપયોગી પડી રહેલ છે અને જો લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તેના સ્પેરપાર્ટસ તેમજ બેટરીને નુક્સાન થવાની સંભાવના રહેલ હોઈ જેથી અરજદારને યોગ્ય શરતોને આધિન વચગાળાની કસ્ટડીમાં પરત સોંપવા હુકમ કરવા અરજ કરેલ છે.

**(૪)** ફરિયાદપક્ષ તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડયા દ્વારાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે કબજે થયેલ મુદ્દામાલ મોબાઈલનો ઉપયોગ  ગંભીર પ્રકારના ગુનામાં થયેલ છે અને જો અરજદારને મુદ્દામાલ વચગાળાની કસ્ટડીએ પરત સોંપવામાં આવશે તો તેનો ફરીથી ગુનાહિત પ્રવૃત્તિમાં ઊપયોગ કરશે/કરાવશે જેથી હાલની અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**(૫)** આમ, ઊપર મુજબની બંને પક્ષોની દલીલો, હાલની અરજી તેમજ હાલની અરજી સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતાં વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૧૭૨/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ-૧૧૫(૨), ૭૬, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર)(એસ)(ડબલ્યુ), ૩(૨)(૫-એ) તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫ વિગેરે મુજબના ગુનાનાં કામના આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ અરજદારની માલિકીનો મોબાઈલ હાલનાં અરજદારની માલિકીનો હોવા બાબતે નિ. ૩/૧ થી એફ.આઈ.આર. ની નકલ, નિ. ૩/૨ થી અરજદારનાં આધાર કાર્ડની નકલ તથા નિ. ૩/૩ થી મોબાઈલનું બિલ રજૂ કરવામાં આવેલ છે જે વંચાણે

લેતાં કબજે લેવાયેલ ઊપરોક્ત મુદ્દામાલ મોબાઈલ હાલનાં અરજદારની માલિકીનો હોવાનું ફલિત થાય છે તેમજ જો લાંબો સમય સદરહુ મુદ્દામાલ મોબાઈલ પોલીસ સ્ટેશનમાં બિન ઉપયોગી પડયો રહે તો ખરાબ થઈ જાય અને તેનાં ઈલેક્ટ્રોનિક પાર્ટ્સ તેમજ બેટરીને નુક્સાન થાય તેમ હોવાનું જણાય છે.

વધુમાં **<u>નામદાર સુપ્રિમ કોર્ટે સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>** નો કેસ કે જે **<u>જી.એલ.આર.૨૦૦૩ (૨) પાના નંબર–૧૩૩૭</u>** ઊપર પ્રસિદ્ધ થયેલ છે તેમાં પેરા–૧૭ માં ચર્ચા કરેલ છે કે મુદ્દામાલ લાંબો સમય પોલીસ સ્ટેશનમાં રાખવાનો કોઈ અર્થ રહેતો નથી આ સંજોગોમાં મેજીસ્ટ્રેટે તાત્કાલિક યોગ્ય હુકમ કરી યોગ્ય રકમનાં બોન્ડ તથા જામીનગીરી લઈ તે અંગે યોગ્ય હુકમ કરી શકે છે.

**(૬)** અરજદારની અરજી લક્ષમાં લેતા અરજદારની માલિકીનો ઊપરોક્ત મુદ્દામાલ મોબાઈલ સદર ગુનામાં આરોપી પાસેથી પોલીસ દ્વારાં કબજે લેવામાં આવેલ છે. વધુમાં હાલના અરજદારે મુદ્દામાલ મોબાઈલની વચગાળાની કસ્ટડી તરીકે માંગણી કરી જણાવેલ છે કે, મુદ્દામાલ મોબાઈલ તેમની પોતાની માલિકીનો હોઈ અને તેઓના રોજબરોજના ધંધા માટે ઉપયોગમાં લેવામાં આવતો હોઈ જે હાલ પોલીસ સ્ટેશનમાં બિન ઉપયોગી પડી રહે અને લાંબો સમય પોલીસ સ્ટેશનમાં રહે તો તેના સ્પેરપાર્ટસ તેમજ બેટરીને નુક્સાન જાય તેમ હોવાની રજૂઆત કરવામાં આવેલ છે. આમ, અરજદાર તરફે થયેલ તમામ રજૂઆતો તથા દસ્તાવેજોની હકીકતો લક્ષમાં લઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

**(૧)** અરજદારની હાલની અરજી **મંજૂર** રાખવામાં આવે છે.

**(૨)** આ કામે વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૬૦૧૭૨/૨૦૨૬ થી બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૭૬, ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર)(એસ)(ડબલ્યુ), ૩(૨)(૫–એ) તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ વિગેરે મુજબના ગુનાનાં કામે કબજે કરવામાં આવેલ અરજદારની માલિકીનો **વીવો વાય–૨૦૦ ૫જી મોબાઈલ જેના**

**આઈ.એમ.ઈ.આઈ. નં. ૮૬૮૯૫૬૦૬૩૩૮૭૫૩૮** વાળો મોબાઈલ તેની માલીકી અંગેની યોગ્ય ખરાઈ કરી, આ કામના અરજદારને મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમત કરતાં દોઢી રકમનાં જામીન તથા તેટલી જ રકમના બોન્ડ આપ્યેથી વચગાળાની કસ્ટડીમાં નીચેની શરતોને આધિન પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તોઃ</u>–**

**૧.** અરજદારે મુદ્દામાલ **મોબાઈલની** સ્થિતીમાં ફેરફાર કરવો નહીં.

**૨.** અરજદારે મુદ્દામાલ **મોબાઈલ** આ કેસનાં આખરી નિકાલ સુધી અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવો–કરાવવો નહીં.

**૩.** અરજદારે મુદ્દામાલ **મોબાઈલનો** કોઈ ગુનાહિત કૃત્યમાં ઊપયોગ કરવો–કરાવવો નહીં.

**૪.** અદાલત જયારે ફરમાવે ત્યારે મુદ્દામાલ **મોબાઈલ** અરજદારે કોર્ટમાં રજૂ કરવાનો રહેશે.

**૫.** પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ ઓફીસરશ્રીએ સદરહુ મુદ્દામાલ **મોબાઈલ** સોંપ્યા સબંધેની મુદ્દામાલ પાવતી અત્રેની કચેરીમાં રજૂ રાખવી.

**અરજદારે બોન્ડ તથા જામીન સબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાનાં રહેશે.**

**આ હુકમ સબંધે પોલીસ સ્ટેશનમાં યાદી કરવી.**

આ હુકમ આજરોજ **તા. ૧૬, માહે–જૂન, સને–૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૬/૦૬/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(**Code No.GJ**00727)